# દિવ્ય ભાસ્કર

Vadodara 2 February, 2020

**સેવાકાર્ય** | 1500 યુવાનોએ 25 વર્ષમાં સેવાકાર્ય દ્વારા 8000 લોકોને સહાયતા પૂરી પાડી છે

## શ્રીમદ્ રાજચંદ્ર મિશન જરૂરિયાતમંદોને ભોજન પીરસે છે

**CHARITY**

સિટી રિપોર્ટર . વડોદરા

શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરનાં રજત જયંતી વર્ષને ઉજવતાં બરોડા કેન્દ્ર દ્વારા દર રવિવારે જરૂરિયાત મંદ લોકોને ભોજન આપવાનું શરૂ કર્યું છે. શ્રીમદ્ રાજચંદ્ર મિશનનાં સંસ્થાપક રાકેશભાઈ ધ્યાન શિબિરો, પ્રવચનો આપી લોકોને સતત સાચા માર્ગે દોરવાનું કાર્ય કરી રહ્યા છે. આ મિશન અંતર્ગત આરોગ્ય સેવા, શૈક્ષણિક સેવા, બાળ સેવા, મહિલા સેવા, આદિવાસી સેવા, સમાજ સેવા, માનવીય સેવા, સંકટસહાય સેવા, પ્રાણી સેવા તથા પર્યાવરણસુરક્ષા સેવા જેવી અનેકવિધ સેવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે. સમાજમાં વિવિધ સેવાકીય કાર્યક્રમો કરીને વિશ્વભરમાં સેવાનાં 75 અભિયાનો કાર્યરત કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે સેવાકાર્યમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાઈ રહ્યા છે.

ફૂટબોલ, મેડિટેશન, યોગા અને સર્જનાત્મક રમતો દ્વારા લોકોને પ્રેરણા આપવામાં આવે છે

## મહિલાઓના ઉત્થાન માટે ગૃહ ઉદ્યોગ ચલાવવામાં આવે છે

શ્રીમદ્ રાજચંદ્ર મિશન 25 વર્ષ પુરા થઈ રહ્યા છે. તેના ઉપલક્ષમાં રજત વર્ષને બરોડા કેન્દ્ર દ્વારા અનોખી રીતે ઉજવવાનું નક્કી કર્યું હતું. તેઓએ માનવીય સેવા અંતર્ગત વર્ષનાં પ્રારંભથી જ દર રવિવારે જરૂરિયાતમંદ લોકોને ભોજન આપવાનું શરૂ કર્યું છે. જે હાલ પણ ચાલી રહ્યું છે.

આ માટે તેઓ ઈસ્કોન હાઈટ્સની બાજુમાં ગોત્રી રોડ અને સમતા રોડ પર જરૂરિયાતમંદ લોકોને ભોજન પીરસે છે. આ સેવાકાર્ય દ્વારા તેઓએ 8000થી વધુ લોકોને સહાય પુરી પાડી છે. તેમજ બાળકોમાં મૂલ્યસિંચન અને સ્વવિકાસ માટેનો કેમ્પ 'સ્પિરિચ્યુઅલટચ રિટ્રીટ' અને ત્યારબાદ યુવાઓ માટે એક દિવસિય સ્પોર્ટસ અને દ્વિદિવસીય એસ.આર.એમ.ડી. યુથ ફેસ્ટીવલ પણ



યોજાયો હતો. ફૂટબોલ, મેડિટેશન, યોગા અને સર્જનાત્મક રમતોમાં વિશ્વભરનાં 15 દેશોનાં 200 શહેરોમાંથી 1500 યુવાઓએ ભાગ લીધો હતો. મહિલાઓના ઉત્થાન માટે કરવામાં આવતી પ્રવૃતિઓ અંતર્ગત ગૃહ ઉદ્યોગમાં નાસ્તા બનાવવા, આનંદ મેળા, પ્રાણીઓની સંભાળ જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.